## કાશ્મીરના યુવાનોને 'ભારતીય' બનાવવા જરૂરી

### તંત્રીસ્થાનેથી...

ભૂતપૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયી ભારતની ભવ્ય કલ્પના રજૂ કરતી એમની જાણીતી કવિતામાં કાશ્મીરને ભારતનું મસ્તક કહી બિરદાવે છે. પરંતુ આ મસ્તક છેલ્લા ઘણા વખતથી દેશ માટે માથાનો દુખાવો બની રહેલ છે. સરકારો આવે અને જાય, એથી દેશનાં અંગભૂત રાજયોની દેશભક્તિમાં ફરક ન પડવો જોઈએ. પરંતુ આઝાદી અને વિભાજનનાં આટલાં વર્ષો પછી પણ કાશ્મીર હજી સુધી પોતાને ભારતના અંગભૂત રાજય તરીકે સ્થાપિત કરવામાં ઊણું ઊતર્યું છે તે હકીકત નકારી શકાય એમ નથી. સૌ પહેલાં તો એ ભારત સાથે એની આગવી શરતોએ જોડાયેલું છે. જે બંધારણની કલમ-૩૭૦ મુદ્દે વારંવાર ઊહાપોહ થયો રહ્યો છે, અને જેને હટાવવા માટે જનસંઘથી લઈ આજની ભારતીય જનતા પાર્ટીના નેતાઓ દેશ આખામાં ફરી ફરીને ઉગ્ર ભાષણબાજી કરતા રહ્યા છે તે કાશ્મીરનાં વર્તમાન મુખ્યમંત્રી મહેબૂબા મુફતીને મન કાશ્મીરના ભારત સાથેના જોડાણની 'લાઈફ લાઈન' - જીવાદોરી છે. એ મુદ્દે કોઈ પણ કાશ્મીરી મુસલમાન નેતા સમાધાન સ્વીકારવા સહમત નથી. અલગાવવાદી નેતાઓ તો કાશ્મીરને ભારત કરતાં વિશેષ પાકિસ્તાનનો જ ભૂભાગ માને છે. ભારતથી છૂટા પડવા માટે તેઓ છેલ્લા દાયકાઓથી સરહદો પર ઘુસણખોરને પ્રોત્સાહિત કરતા રહ્યા છે. તેઓ કાશ્મીર મુદ્દે પોતાની ખીચડી પકવતા રહે છે. પાકિસ્તાન પાસેથી જ નહીં, મજહબના નામે તેઓ ઈસ્લામિક રાષ્ટ્રો પાસેથી અને આતંકવાદી સંગઠનો પાસેથી પણ અઢળખ નાણાં મેળવતાં રહે છે. પોતાના છોકરાઓને વિદેશમાં ભણાવતા આ દેશદ્રોહીઓ નિર્દોષ, અબુધ કાશ્મીરી યુવાનોને હોળીનું નારિયેળ બનાવી એમના પાકિસ્તાની સમર્થકોને મોકળું મેદાન આપી રહ્યા છે. છેલ્લે છેલ્લે ઈસ્લામિક સ્ટેટનો પણ પગપેસરો થયો છે. આ બધું જમ્મુ-કાશ્મીરમાં ભાજપની ભાગીદારી ધરાવતી સરકાર ચૂપચાપ સહન કરી રહી છે. પાક આર્મી અને કુખ્યાત આઈએસઆઈ માટે કાશ્મીર પ્રશ્ન કાયમ માટે સળગતો રાખી ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે બદનામ કર્યા કરવું એ રાષ્ટ્રીય કાર્યક્રમ છે. પાકિસ્તાનનો કોઈ પણ નેતા આજ પર્યંત કાશ્મીરને ભારતના અંગભૂત રાજય તરીકે સ્વીકારવા સંમત નથી થયો. ઈંદિરા ગાંધી સાથે ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ કરેલા ઐતિહાસિક શિમલા કરારમાં કાશ્મીર સમસ્યાનો ઉકેલ પરસ્પરની સમજૂતીથી હાંસલ કરવાનો મુદ્દો મુખ્ય હોવા છતાં પાકિસ્તાન વારંવાર અમેરિકાને મધ્યસ્થી કરવા અપીલ કરતું રહ્યું છે. આજકાલ વડાપ્રધાન વિદેશયાત્રાએ છે ત્યારે કાશ્મીરના એક ખૂંખાર આતંકવાદી બુરહાન વણીને સલામતી દલોએ એક મુઠભેડમાં ઠાર માર્યો તેની પ્રતિક્રિયા સ્વરુપે કાશ્મીરના યુવાનોમાં ભારત વિરોધી લાગણી ચરમસીમાએ પહોંચી છે. લવરમૂછઈયા છોકરા પથ્થરમારો કરી સીઆરપીએફના જવાનોને ગોળીબાર કરવા મજબૂર કરી રહ્યા છે. જવાનો એમના સાથીઓના મોતથી ઉશ્કેરાય છે તો સામે પક્ષે કાશ્મીરી યુવાનો મરતા જાય છે, તેમ તેમ ઘાટીની પ્રજામાં ભારત પ્રત્યેનો અવિશ્વાસ વધુ ગાઢ બનતો જાય છે. સીઆરપીએફ અને આર્મી પાસે શસ્ત્રો છે, અબુધ કાશ્મીર યુવાનો પથ્થરોથી કામ ચલાવે છે. એમને ઉશ્કેરીને અલગતાવાદીઓ એમનો મુદ્દો વધુ મજબૂત બનાવી રહ્યા છે. ભારત સરકાર કાશ્મીર પ્રત્યે સદંતર ભટકી ગઈ છે. પાકિસ્તાન હરખાઈ રહ્યું છે. શું આ મુદ્દે વેળાસર ગંભીરતાપૂર્વક વિચારવાનો સમય પાકી નથી ગયો?

# વતન ઝુરાપો પરિવર્તિત થઈને હવે વતન પ્રેમમાં પલટાયો અને તેના મીઠા પરિણામો ગુજરાતના અનેક ગામડાઓમાં દેખાઈ રહ્યા છે




"આટલાં ટૂંકા દિવસોમાં આયોજન થઈ તો જશે ને!" સહજ રીતે પ્રશ્ન થાય એ સ્વાભાવિક હતું.

"આયોજન એકાએક કેમ થયું એ સમજાતું નથી" કોઈને વળી આવો પ્રશ્ન પણ થયો...

વાત છે મધ્ય ગુજરાતના સમૃદ્ધ અને સ્વચ્છ નગર ભાદરણમાં યોજાયેલા એક સમારોહની.

આ વિસ્તાર ચારેબાજુ લીલોતરીથી હર્યોભર્યો અને ખેતીવાડીથી સમૃદ્ધ છે. એમાં વળી છેલ્લા પાંચ દાયકાથી વધુ સમયથી વિદેશોમાં સ્થાયી થયેલા એનઆરઆઈ પરિવારોની સમૃદ્ધિ અને પોતાના વતન માટેના પ્રેમના કારણે એમણે અહીં ઊભી કરેલી અનુદાનિત સેવાઓના કારણે અહીંના ગામડાઓ શહેરો જેવી સુવિધાઓ ઘટાડે છે. સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં પણ ચરોતર પ્રદેશનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે.

સરદાર વલ્લભભાઈ પટેલથી લઈને એચ.એમ. પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, ભાઈકાકા, ત્રિભુવનદાસ પટેલ, ડૉ. વર્ગીસ કુરિયન જેવા અનેક વ્યક્તિત્વો અને અમૂલ, ઈરમા તથા અનેક શૈક્ષણિક - સામાજિક - કૃષિ - આર્થિક - ધાર્મકિ ક્ષેત્રની સંસ્થાઓને કારણે આ વિસ્તાર વિશ્વભરમાં પ્રસિદ્ધ છે.

આ વિસ્તારનું જ એક ગામ છે ભાદરણ. વિક્રમ સંવત ૧૨૩૨ના વૈશાખ સુદ અગીયારસને દિવસે આ ગામનું વિસાયાણ થયું હતું, એમ







કહેવાય છે. ગામના મલાવ તળાવ પર બિરાજમાન ભદ્રકાળી માતાના નામ ઉપરથી ગામનું મૂળ ના ભૂળપુરી અને પછી એમાંથી અપ્રભ્રંશ થઈને ભાદરણ થયું એ માનવામાં આવે છે આ ગામમાં ૧૬-૧૭મા સૈકામાં કેટલાક નવા પટેલો વસવાટ અર્થે આવ્યા જેમના વંશજો હાલના નવા પટેલો તરીકે ઓળખાય છે.

આવા જ એક પરિવારના વંશજ હતા. બાબુભાઈ પટેલ અત્યંત પરિશ્રમી અને પ્રેમાળ, બહારથી કડક પરંતુ અંદરથી સાવ મૃદુ સ્વભાવ. ભગવાન ભોળનાથ પર એમને અપાર શ્રદ્ધા. ગામના ઉત્સવો અને તહેવારોમાં એમનું યોગદાન હોય જ. સામાજિક અને આર્થિક રીતે ધીમે ધીમે બધું સેટર થતું ગયું, દીકરા-દીકરીઓ એમના જીવનમાં સુઆયોજિત રીતે ગોઠવાતા ગયા એટલે એમના માંહ્યલામાંથી અવાજ આવ્યો, એ અવાજ એમને દોરી ગયો પુણ્યસલિલા નર્મદા મૈયાના કાંઠે વસેલા ગામ કરનાળીમાં. અહીં એમનું ચિત્ત સ્થિર થયું. એ દરમિયાન એમણે ભારત ભ્રમણ પણ કર્યું અને મર્દા પરિકમ્મા પણ કરી.

રોજ વહેલી સવારે ૪ વાગે નર્મદા નદીમાં સ્નાન કરવું, કુબેર ભંડારી મહાદેવની સેવા-પૂજા કરવી અને પછી પદમાસન વાળીને ત્યાં જ ધ્યાનમાં બેસી જવું - ૪-૫ કલાક ધ્યાનસ્થ થવું એ પછી ગામમાં આવતા સાધુ સંતોને અને પરિકમ્મા કરનારાઓને જમાડવા, વળી બપોર બાદ ધ્યાનમાં જવું ને મોડી રાત્રી સુધી ફાનસના અજવાળે ધાર્મિક-આધ્યાત્મિક પુસ્તકો વાંચવા એ એમનો નિત્યક્રમ - ગામના જ પૂજય કલ્યાણદાસજી મહારાજને તેઓ ગુરુપદે માનતા હતા. નર્મદા મૈયા સાથેનો એમનો નાતો નોખો-અનોખો હતો. એણની સાથે રહેનારા લોકો તો કહે છે કે ઘણીવાર તેઓ મા નર્મદા સાથે સંવાદ કરતા હોય એવી ભાવઅવસ્થામાં પહોંચી જતા હતા. એ સમયે બનેલી એક ઘટનામાં એક ભક્તજનનો વિશ્વાસ એન શ્રદ્ધા પ્રતિબિંબિત થાય છે. બન્યું હતું એવું કે એમણે ૩૦ માણસોને ભોજન માટે નિમંત્રણ તો આપી દીધું પરંતુ રસોઈમાં મિષ્ઠાન માટે ઘી ન હતું. અચાનક એક જટાધારી સાધુ આવીને પાંચ શેર ઘી મુકતો જાઉં છું કરીને અદશ્ય થઈ ગયા હતા. આમ ભગવાન ભોળાનાથના આશીર્વાદ એમના પર હંમેશા રહ્યા હતા.

એમના એક પુત્ર ચંદ્રકાન્ત પટેલ જેને લોકો સી.બી.પટેલના નામે ઓળખે છે, તે ૧૯૬૦ના દાયકાથી બ્રિટનના લંડનમાં સ્થાયી થયા છે. એબીપીએ ગ્રૂપના માધ્યમથી ગુજરાતી-અંગ્રેજી પત્રકારત્વમાં અને બ્રિટનના ગુજરાતીઓના સમાજ જીવનમાં એમની દાયકાઓની સેવા રહી છે.

એમને અચાનક એક દિવસ વિચાર આવ્યો ને એમણે અમદાવાદના મિત્રોને કહીને માત્ર ચાર-પાંચ દિવસના ટૂંકાગાળામાં ભક્તિ તર્પણ નામે એક ભક્તિસંગીતનો કાર્યક્રમ ભાદરણ - એમના વતનમાં આયોજિત કર્યા. ભાદરણના મહાકાલેશ્વર પર એમની અપાર શ્રદ્ધા - પોતે આજે જે કાંઈ છે તે માત્રને માત્ર મહાકાલેશ્વરની કૃપા છે એવું એ માને એટલે સાંજે ભજન અને પછી મહાપ્રસાદનું આયોજન એમણે કર્યું. જરૂરી આયોજન કરનારા મિત્રોને લેખના આરંભે થયેલા પ્રશ્નો એટલે થયા કે નહિ કોઈ નિમિત્ત, તહેવાર-ઉત્સાહ-તેઓ પોતે પણ હાજર નહિ અને તો પણ આયોજન? સમજાતું ન હતું. નિલેષભાઈ પરમારે બધી વ્યવસ્થા ગોઠવી, ગામના જ યુવાન દર્શિતભાઈએ અને મિત્રોએ બધી જવાબદારી સંભાળી અને ઉત્તમ કાર્યક્રમ થયો. ગામના આગેવાનો - સ્વજનો - પ્રિયજનો તો ઠીક અમદાવાદ વડોદરા અને આણંદથી પણ મિત્રો સપરિવાર જોડાયા.

દેવોના દેવ મહાદેવના સાનિધ્યમાં ભક્તિસંગીતમાં સહુ ભીંજાયા અને એક અભિવ્યક્ત કરેલો વતન પ્રેમનં સ્મરણ કાયમી બની રહ્યું.

તાજેતરમાં જ બનેલી આ ઘટનાની બે બાબતો સહજપણે મનને - હૃદયને સ્પર્શી જાય છે. એક તો સાવ સાહજિક રીતે પોતાની હાજરી વિના - કોઈ કારણ કે નિમિત્ત ન હોવા છતાં આવો સરસ મજાનો કાર્યક્રમ કરવો તે અને બીજી તે એમના હૈયામાં રહેલો વતનપ્રેમ અને ભગવાન ભોળાનાથ પ્રત્યેની એમની અપાર શ્રદ્ધા.

સદીઓથી ગુજરાતીઓ વિશ્વભરના દેશોમાં ફેલાયેલા છે. એમણે પરસેવો પાડીને ઊભી કરેલી સંપત્તિમાંથી તેઓ પોતાના વતનમાં આવે ત્યારે દાન આપીને શ્રેષ્ઠ સુવિદાઓ વિવિધ ક્ષેત્રોમાં જોવામાં આવે છે.

શિક્ષણ - આરોગ્ય - માળખાકીય સુવિધાઓ જેવા ક્ષેત્રોમાં બિનનિવાસી ભારતીયોએ પોતાના વતનમાં - ગામમાં ઊભી કરેલી સેવાઓ પ્રસંશનીય છે. નિયમિત રીતે તેઓ ગામમાં આવતા રહે છે અને વધુ ને વધુ સેવાઓ ગામમાં કાર્યરત કરવા ઉત્સુક પણ રહે છે.

ગીતોમાં-કાવ્યોમાં બિનનિવાસી ભારતીયોનો વતન ઝુરાપો અભિવ્યક્ત થયો રહ્યો છે. વતન ઝુરાપો પરિવર્તિત થઈને હવે વતન પ્રેમમાં પલટાયો અને તેના મીઠા પરિણામો ગુજરાતના અનેક ગામડાઓમાં દેખાઈ રહ્યા છે.

પોતાના માદરે વતનને કોઈ યાદ કરે - ત્યાં કશુંક નિર્માણ કરે એમની શ્રદ્ધેય જગ્યાઓ પર ધાર્મિક - સામાજિક આયોજનો કરે ત્યારે એમાં સામેલ થનાર સહુ કોઈને પોતપોતાના વતનનું સ્મરણ થાય છે અને આમ વતન પ્રેમના દીવડા ઝળહળે છે! જેનો પ્રકાશ અજવાળા ફેલાવે છે.

તેજપુંજ :

એ મેરે પ્યારે વતન
એ મેરે બીછડે ચમન
તુજપે દિલ કુરબાન

- ઈન્દીવર

# વધુ જીવાડ્યા વાણીયાં ! કંઈક મડદા મેઘાણી




ભાવનગર જિલ્લાના સમુદ્ર કિનારાના સુપ્રસિધ્ધ નગર મહુવાથી 'કતપર' ગામ આમ તો ચાર માઈલ જેટલું થાય. ગામની બહેનો પગે ચાલીને કતપરથી મહુવા મજૂરી કામ કરવા જાય. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીની કાળી મજૂરી કર્યા પછી પેટનો ખાડો માંડ પૂરાય. આથીજ ગામના લોકોએ મેઘાણીભાઈને કહ્યું કે "મજૂરી ન કરે તો ખાય શું ?" જીવતરની આ વરવી છતાં વાસ્તવિક વેદના મેઘાણીના ગીતોમાં પ્રગટે છે. દરિયા કાંઠાના ગામમાં સ્વાભાવિક રીતેજ ખારવા કોમની વસતી હોય છે. દરિયાદેવના ખોળે માથું મૂકીને જીવતરનું નાવ હંકારી જનાર આ કોમની અથાગ સાહસવૃત્તિની અનેક કથાઓ સાંભળવા મળે છે. સંઘર્ષને જ સ્વેચ્છાથી અપનાવીને આજીવીકા કમાવાનું કામ જોખમી તો ખરુંજ. પરતું આ જોખમનો પડકારજ યુવાન ખારવાને આકર્ષે છે. જોખમી વ્યવસાયના કારણે થતી ખુવારી યુવાન ખારવાને રોકી શકતી નથી. શ્રમિકોનો આ સમૂહ કાળને પણ પડકારીને દરિયાની છાતી પર જીવતરના ડગ માંડે છે. શ્રમિકોના આવા દરેક સમૂહને પોતાનું ગીત-સંગીત હોય છે. સંગીતનું આ તત્વ તેમના ખમીરને પ્રોત્સાહીત કરે તેવું હોય છે. તેમના જીવનની અનેક ખટમીઠી ઘટનાઓને શબ્દદેહ આપીને તેની પ્રસંગોપાત અભિવ્યક્તિ આવા ગીત-સંગીતના માધ્યમથી થતી રહે છે. તેમના રાગ અને ઢાળ પણ વિશિષ્ટ પ્રકારના હોય છે. આપણા પ્રિય કવિ ઝવેરચંદ મેધાણીતો આજીવન અભ્યાસુ તથા સંશોધક હતા. આથી સાગરજાયાઓના આ ગીતો જનસમૂહ સુધી કેવી રીતે પહોંચાડી શકાય તેવી તેમની નિરંતર ખેવના રહેતી હતી. તેમની સંશોધન યાત્રામાં કતપર ગામના અનેક કૂબામાં ગરીબીને ઓઢીને જીવતર વ્યતિત કરનાર મહીલાઓનું દર્શન મેધાણીભાઈને થયું. ઉઘાડા અને અધભૂખ્યા બાળકો પણ નીહાળીને કવિની વેદનાએ કલમના માધ્યમથી આ મૂંગી વેદનાને શબ્દદેહ આપી જગતના ચોકમાં મૂકી. સાગરના સૌંદર્યની કવિતાઓ તો લખાય પરતું આ સાગરપેટા માનવીઓની વેદના અને કરુણાની વાતો કેમ ન લખાય ? સાચું જીવન કાવ્ય કદાચ આ દિવ્ય અને ભવ્ય કલ્પના જગતથી બહાર નીકળીએ તો સંભળાય છે. મેઘાણી જેવા કવિજ આ વેદનાનું સંગીત સરવા કાને ઝીલી શકે અને પછી તેને અસંખ્ય ભાવકો સુધી પહોંચાડી શકે. મેધાણી લખે છે : "સાચા સ્વરો તો ઝીલે છે એ શાયર કે જેણે જગતના કરોડો ખલાસી-બાળકની ફફડતી જનતાને હૈયે કાન માંડ્યા હશે" આ વ્યવસાય સાથે જોડાયેલા કુંટુંબની અનેક મહિલાને દરિયાદેવના ખોળે રમતા પતિ - પુત્ર કે ભાઈના માઠા સમાચાર સાંભળવાનું જાણે કે નસીબમાં લખાયેલું છે. દરિયાકાંઠાના આ ગામડાઓની બહેનોના ગીતો સાંભળવા માટે સંશોધક મેઘાણીએ કેટલી બધી અંગત મુશ્કેલીઓ વેઠી હશે તે સમજી શકાય તેવી વાત છે. પરતું તેમના આ અજોડ પ્રયાસોથીજ સાગર કિનારાના લોકગીતો આપણાં સુધી પહોંચ્યા છે. મેઘાણીભાઈએ આ વેદના ઝીલી છે અને આકંઠ પીધી છે. દરિયાની ખેપ કરવા જતા પતિના સંદર્ભમાં બહેનો ગાય છે. તેમાં જીવતર તરફનો આશાવાદ પણ કેવો બળકટ છે !

જોબનિયાં મારા મલબારી
પંથમાં હાલ્યા, જોબનીયાં
કાલ્ય આવતાં રેશે.
જોબનીયાં મારા નાકુંની
નથડી મેલી, જોબનીયાં
કાલ્ય આવતાં રેશે.

મેધાણીભાઈ નોંધે છે : "કોઈ તૂટેલ નાવના વેરણછેરણ પાટિયાં જેવા આ ગીતો ખંડિત છતાં પણ ગાનારીઓની અંતરતમ ઊર્મિની ઊંચી કક્ષા સૂચવતાં હતા." શ્રમિક મહિલાઓની વેદનાનું જે ચિત્ર ઝવેરચંદ મેધાણીના કાવ્યોમાં કે તેમણે સંપાદિત કરેલા લોકગીતમાં ઝીલાયું છે તે અહોભાવ ઉપજાવે તેવું છે. આથીજ આપણી ભાષાના સમર્થ સર્જક મકરંદ દવે લખે છે કે મેઘાણીના વ્યક્તિત્વમાં એક સ્ત્રીત્વ રહ્યું હતું. આથીજ કદાચ મહીલાઓ તેમની પાસે મુક્ત અને મીઠા કંઠે અલગ અલગ ભાવના ગીતોની રેલમછેલ પ્રસન્નતાથી કરતી હશે!

મેઘાણીએ અગવડતાઓથી ભરેલી ખેપો ખેડીને પીડીતો - શ્રમિકોની વેદના નજરોનજર નિહાળી છે અને તેના ગીતો ગાયા છે. તેમની કથાઓ લખી છે. આવા અસંખ્ય લોકો જીવનમાં આર્થિક સંકડામણ અનુભવતા હશે પરતું તેમના અંતરના અમી ઝરણાં સૂકાયા ન હતાં તેની પ્રતિતિ આ સંશોધક કવિને સ્પષ્ટ રીતે થઈ હતી. મેધાણીભાઈના સાહિત્યના માધ્યમથી આપણે પણ આ સંવેદના ઝીલી શકીએ છીએ. "પીડિતો પ્રત્યેના સમભાવના ગીતો અંગેની કોઈની સૌથી વધુ સજ્જતા હોય તો એ મેઘાણીની હતી." તેવું કવિ ઉમાશંકર જોશીનું વિધાન કેટલું યથાર્થ છે! "ઘણ રે બોલેને એરણ સાંભળે" જેવી મેઘાણીની રચનાઓ કાળજયી છે.


ઘણ રે બોલેને એરણ
સાંભળે હો....જી...બંધુડો બોલે
ને બેનડ સાંભળે હો...જી...
ભઠ્ઠિયું જલે રે બળતા પોરની..
ઘમણ્યું ધખે રે ધખતા પોરની...
ખન ખન અંગારે ઓરાણાં,
કસબી ને કારીગર ભરખાણાં :
કોડું નર જીવતાં બફાણાં-
તો ય પૂરા રોટા નવ શેકાણાં :
હો એરણ બેની ! ઘણ રે બોલેને....

ઝવેરચંદ મેધાણીએ નગરજનોને પાળિયા, દેરીઓ, ગામડાનું જીવન અને માલધારીઓ - શ્રમિકોના પ્રશ્નોમાં રસ લેતા કર્યા. સમાજમાં શિક્ષિત કે સુખી વર્ગ તેમના કરતાં પ્રમાણમાં ઓછા સાધનો કે શિક્ષણ ધરાવતા વર્ગ તરફ નાકનું ટેરવું ચડાવીને દ્રષ્ટિ કરે તો આ દ્રષ્ટિમાં રહેલી અનેક મર્યાદાઓનું ભાન મેધાણીભાઈને વાંચીને થયા સિવાય રહેતી નથી. ભેદની ભીંત્યુ ને ભાગવાનો પ્રયાસ આ રાષ્ટ્રીય શાયરે બખૂબી કરેલો છે.

શ્રાવણની ભીનાશ લઈને આવતી વદ પાંચમે (ઓગસ્ટ-૨૮) જન્મેલા આ કવિએ સૌને ભીંજવ્યા છે. ગાંધી અને ટાગોરથી શરૂ કરી સામાન્ય ભાવક સુધી મેઘાણી એકજ સરખા વિસ્તર્યા છે. તેમની અમૂલ્ય લેખણીને કવિ શ્રી દુલા ભાયા કાગે યથાર્થ બીરદાવી છે.

લેખક સુધળા લોકની
ટાંકુ તોળાણી, વધી તોલે
વાણીયા : તારી લેખણ મેધાણી.

# વો આસમાં ઝૂક રહા હૈ જમી પર... લેહ-નુબ્રાવેલી






લેહ-લદાખ. એક એવો પ્રદેશ જયાં નદી, રેતીના ઢુંવા (રણ), બરફ, ખડકાળ પર્વત, રેતાળ પર્વત, છૂટા છવાયા વૃક્ષો, બરફની ચાદર વાળા પહાડો, આલ્ફાસ્ટની ચળકાટથી આંખ આંજી દેતા પર્વતો આ બધી વસ્તુ એક સાથે આપણને ત્યાં જોવા મળે છે.

ખારડુંગથી ખાલસર ગામ થઈને અમે ડીસકીટ પહોંચ્યા... ડિસ્કીટ ના માર્ગે જતા વચ્ચે એક રોડ ફંડાય છે, જે પનામિક નામના સ્થળ ઉપર લઈ જાય છે... જયાં ગરમ પાણીના ઝરા છે, અને પનામિકથી સસોમા થઈને સિયાચીન ગ્લેશિયર જવાનો રસ્તો છે...

અમે જો કે ડીસકીટ તરફ ફંડાઈ ગયા સિક્કિમ જે ગયા હોય અને રુમટેક જેવી મોટી મોનેસ્ટરી જોઈ હોય તો તેમને ડિસકીટની મોન્સ્ટ્રી તેની રેપ્લિકા જ લાગે. વિશાળકાળ મૂર્તિ અને બીજા ખડક પર મોનેસ્ટ્રી સામે અફાટ રેતીનાં ઢૂંવા, બીજી તરફ ખડકો અને તેના પર કયાંક કયાંક વૃક્ષોના ટોળા ઊભા હોય તેવું દશ્ય... સ્વચ્છ એકદમ ચોખ્ખું નીલું આકાશ... અત્યારે પણ આ વર્ણન કરતી વખતે રુવાડા ઊભા થઈ જાય છે.

સામાન્ય રીતે પર્યટન સ્થળ પર પહોંચીને તે જગ્યાના ટૂરીસ્ટ ગણતા રહીને ત્યાની ફાઈવસ્ટાર હોટેલમાં સ્વિમિંગ પુલમાં આરામ કરવાની જેની ગણતરી હોય તેવા વ્યક્તિ લેહમાં આવીને ૧૦૦ % દુઃખી થઈ જાય. અહીંયા ટૂરીઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા ગણતરી કરીને આપેલા સાત-આઢ પોઈન્ટ નથી... જયાં જુઓ ત્યાં કુદરતનો કરિશ્મા પથરાયેલો પડ્યો છે.

જગ્યાઓ ગણવાની વૃત્તિવાળા અને ફેમસ પ્લેસ પર ફોટા પાડીને શેખી મારવાના સ્વભાવ વાળા પર્યટકો માટે લેહ એ યોગ્ય સ્થળ નથી...

લેહ સંપૂર્ણ પ્રકૃતિ પ્રેમી અને કુદરતમાંથી નવું નવું શોધીને તેને માણવાની વૃત્તિવાળા વ્યક્તિઓ માટે સ્વર્ગ સમાન છે... કારણ કે જે મજા સફરમાં છે, તે મંઝિલમાં નથી... જો કે અમે હુન્ડર જયાં રાત્રિ રોકાણ કર્યું તે મંઝિલ અદભૂત જ હતી...

નદીઓ વેકળો વહેતો હોય, રેતાળ પર્વતો પરથી પવનની ડમરી ઊડી ઊડીને રેતીના ઢૂંવા બનતા હોય અને પશ્મીના (ઘેંટા) નો હારમાળા ચાલી જતી હોય ત્યારે અફઘાની ઊંટ કે જે બે ખૂંધ વાળા હોય છે, તેની પર આપણે સવારી કરતા હોઈએ ત્યારે જ મજા આવે છે તે શબ્દોમાં ઉતારવી ખૂબ કઠિન છે... ત્યાંના ઊંટની ખાસિયત એ હોય છે કે તે બે ખૂંધવાળા હોય છે અને ઘોડા જેટલી જ હાઈટવાળા હોય છે...

સામાન્ય રીતે ટૂરિસ્ટ લેહથી સવારે નીકળે અને ખારડુંગલા પાસ થઈને બપોર પછી હુન્ડર પહોંચે, જે આખો વિસ્તાર 'નુબ્રા વેલી' તરીકે ઓળખાય છે. રાત્રિ રોકાણ હુંન્ડરમાં કર્યા બાદ સવારે પાછા લેહ જવા નીકળે અને ત્યાંથી બીજા દિવસે સવારે ફરી પાછા 'પેંગોંગ લેક' તરફ રવાના થાય...

જયારે અમે રાત્રે હુન્ડર રોકાયા પછી બીજા દિવસે સવારે પાછા લેહ આવવાની બદલે બીજા એક રોડ કે જે રોજ ઉપરથી આવન-જાવત ઓછી છે, તે 'શાયોક' રિવરમાં થઈને સીધો જ 'પોંગોંગ લેક' જે રસ્તો પહોંચે છે, ત્યાંથી અમે દુરબુક થઈને 'પેંગોંગ લેક' જવા માટે નીકળ્યા.

અફઘાનિસ્તાન, ચીન, પાકિસ્તાન અને ભારત એમ ચાર દેશની બોર્ડર જયાં મળે છે તેવા શાયોક ગામમાંથી નદી નીકળે છે માટે નદીનું નામ પણ શાયોક રીવર જ પડી ગયું છે...

અપ્રતિમ અને અદ્ભૂત રસ્તો... નદીના પટમાંથી જ લગભગ ૩૦-૩૫ કિલોમીટરનું અંતર અમે કાપ્યું... અને રોડ નહીં પણ કેડી કહેવાય તેવા પથરાળ રસ્તાઓ પરથી જયારે કાર પસાર થતી અને શાંત વાતાવરણમાં જે ખલેલ પડતી હતી. તે માટે અમને અમારી જાત પર જાણે ગિલ્ટ ફીલ થતું... એકદમ શાંત વાતાવરણ, બંને બાજુ પર્વત વચમાં નદીનો પટ.... આંખોના જલસા કાનથી ન કરાય... પણ અત્યારે પણ આંખો બંધ કરીએ તો એ શાંત વાતાવરણના શાયોક રીવરના પવનના સૂસવાટા કાનમાં પડઘાય છે.

ઈશ્વરની પૂજા મંદિરમાં દૂધ ચડાવીને જ થાય તેવું કોણે કીધું! કુદરતની અફાટ સમૃદ્ધિ આપણી આસપાસ જે વેરાયેલી પડી છે... તે ઈશ્વરનું જ તો સ્વરુપ છે... નદીના પથરાળ રસ્તાઓ પર કાર ચાલતી કહેવાના કારણે વચ્ચે એક જગ્યા પર પંચર પડ્યું... આજુબાજુ પર્વતો અને ઉપર નીલુ આકાશ.. કારનો અવાજ સંપૂર્ણ પણે બંધ થઈ ગયો હતો... અને હવે જાણે પ્રકૃતિ જે ગીત ગાઈ રહી તે સંભળાઈ રહ્યું હતું...

ત્યાં વહેતા ઝરણામાંથી બોટલમાં પાણી ભરીને પીધું અને અમે આપણા ઘરની એકવાગાર્ડની શુદ્ધતાને ભૂલી ગયા... ચીલ્ડ અને પ્યોર વોટર...

'દુરબુક' પહોંચ્યા અને ત્યાં પહોંચીને જરા પાગકો રસ્તો થોડા સમય માટે જોવા મળ્યો... આ જ માર્ગ અને દુનિયાની અત્યાર સુધીમાં જોયેલ શ્રેષ્ઠ સ્થળ પર લઈ જવાનો હતો... - 'પેંગોંગ લૅક.' રહી હતી... જયાં આપણે આવતા સપ્તાહે પહોંચશું -

ક્રમશઃ

- jayuoza@gmail.com,
Mo. 9898046488

